# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

***************************************************

1. **રાષ્ટ્રપતિના સંબોધન સાથે સંસદનું અંદાજપત્ર સત્ર આજથી શરૂ.**
2. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું , સરકારની મજબૂત નીતિઓ અને પહેલોને કારણે દેશમાં કૃષિ ઉત્પાદનમાં ઝડપી વધારો થયો.**
3. **મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું બારામતી ખાતે વિમાન દુર્ઘટનામાં અવસાન**
4. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના કરિઅપ્પા પરેડ ગ્રાઉન્ડ ખાતે વાર્ષિક NCC PM રેલીને સંબોધિત કરશે**
5. **કેન્દ્ર સરકારે હવા અને પાણી કાયદા હેઠળ સમાન સંમતિ માર્ગદર્શિકામાં સુધારો કર્યો**
6. **ક્રિકેટમાં, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે ચોથો T-20 મુકાબલો.**

,,....................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PREZ PARL ADDRESS EARLY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે સરકારની મજબૂત નીતિઓ અને પહેલોને કારણે દેશમાં કૃષિ ઉત્પાદનમાં ઝડપી વધારો થયો છે. અંદાજપત્ર સત્રના પહેલા દિવસે આજે સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધતા રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે , સરકાર એવા પાકોનું ઉત્પાદન વધારવા માટે પણ કામ કરી રહી છે જેમાં કૃષિ ક્ષેત્ર પાછળ રહી ગયું હતું.

તેમણે કહ્યું કે સરકારનો હેતુ ખાદ્ય તેલ, તેલીબિયાં અને કઠોળ પરના રાષ્ટ્રીય મિશન દ્વારા કૃષિ ઉત્પાદનોની આયાત ઘટાડવાનો પણ છે. રાષ્ટ્ર આ ક્ષેત્રોમાં આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત આ દાયકાના અંત સુધીમાં 500 ગીગાવોટ નવીનીકરણીય ઉર્જા ક્ષમતાના લક્ષ્યને ચોક્કસપણે પ્રાપ્ત કરશે.

## બાઇટ : PRES---NIVESH---NIRYAT

શ્રીમતી મુરમુએ કહ્યું કે , છેલ્લા 11 વર્ષ દરમિયાન , ઉત્તર પૂર્વીય ક્ષેત્રમાં 70 હજાર 200 કિલોમીટરથી વધુ રાષ્ટ્રીય ધોરીમાર્ગો બનાવવામાં આવ્યા છે. જેના કારણે દૂરના , પહાડી, આદિવાસી અને સરહદી વિસ્તારો સુધી પહોંચવાનું સરળ બન્યું છે.

તેમણે કહ્યું સરકારે ત્રણ કરોડ લખપતિ દીદી બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે.

## બાઇટ : PRESIDENT--WOMEN-LED-GOVT

ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર અને વિકાસ માટે , વિકસિત ભારત જી રામ જી નામનો કાયદો ઘડવામાં આવ્યો છે. જે ગામડાઓમાં 125 દિવસનો રોજગાર સુનિશ્ચિત કરશે. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે, આ યોજના ગ્રામીણ વિકાસને નવી ગતિ આપશે અને ખેડૂતો , પશુપાલકો અને માછીમારો માટે નવી સુવિધાઓનું નિર્માણ કરશે.

## બાઇટ : -PRESIDENT-VIKSIT-BHARAT

છેલ્લા 10-11 વર્ષોમાં , દરેક ક્ષેત્રમાં ભારતનો પાયો મજબૂત બન્યો હોવાનું રાષ્ટ્રપતિએ કહ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . .

# PARLIAMENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધન સાથે સંસદનું અંદાજપત્ર સત્ર આજથી શરૂ થયું  . આવતીકાલે આર્થિક સર્વેક્ષણ અને રવિવાર પહેલી ફેબ્રુઆરીએ અંદાજપત્ર રજૂ કરવામાં આવશે.

અંદાજપત્ર સત્રનો પહેલો તબક્કો આજથી આવતા મહિનાની 13મી તારીખ સુધી ચાલશે. બીજો તબક્કો 9 માર્ચથી 2 એપ્રિલ સુધી ચાલશે. સત્ર દરમિયાન 30 બેઠકો થશે.

. . . . . .

# AJIT PAWAR PLAN CRASH

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું આજે સવારે મહારાષ્ટ્રના બારામતી ખાતે વિમાન દુર્ઘટનામાં અવસાન થયું છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે માહિતી આપી હતી કે **VSR** દ્વારા સંચાલિત લિયરજેટ **45 VT-SSK** વિમાન આજે વહેલી સવારે બારામતી હવાઈમથક પર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું.

મંત્રાલયે ઉમેર્યું હતું કે, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી સહિત પાંચ કર્મચારીઓ અને ચાલક દળના બે સભ્યો વિમાનમાં સવાર હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે દુર્ઘટનામાં કોઈ બચી શક્યું નથી.

. . . . . . . . .

# REV. PREZ-PM PAWAR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, ગૃહમંત્રી અમિત શાહ સહિતના મહાનુભાવોએ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના નિધન પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ શ્રી પવારના અકાળ અવસાનને એક અપૂર્ણ નુકસાન ગણાવ્યું છે. તેમણે કહ્યું કે શ્રી પવારને મહારાષ્ટ્રના વિકાસમાં , ખાસ કરીને સહકારી ક્ષેત્રમાં, તેમના મહત્વપૂર્ણ યોગદાન માટે હંમેશા યાદ રાખવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે શ્રી પવાર લોકોના નેતા હતા જેમનો પાયાના સ્તર સાથે મજબૂત સંબંધ હતો. શ્રી મોદીએ અકસ્માતમાં પોતાના પ્રિયજનો ગુમાવનારા શોકગ્રસ્ત પરિવારો માટે શક્તિ અને હિંમત માટે પ્રાર્થના કરી. નાયબ મુખ્યમંત્રીના લાંબી રાજકીય કારકિર્દીને યાદ કરતાં, લોકસભા અધ્યક્ષે કહ્યું કે શ્રી પવારને સહકારી સંસ્થાઓ અને રાજ્યના વિકાસ દ્વારા જાહેર કલ્યાણમાં તેમના યોગદાન માટે હંમેશા યાદ રાખવામાં આવશે.

ગૃહમંત્રી અમિત શાહે શ્રી પવારનું અવસાન તેમના અને NDA પરિવાર બંને માટે વ્યક્તિગત નુકસાન છે. તેમણે પવાર પરિવાર પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરતા કહ્યું કે આ દુઃખની ઘડીમાં, સમગ્ર NDA શોકગ્રસ્ત પરિવાર સાથે મજબૂત રીતે ઉભું છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું કે તેમના લાંબા જાહેર જીવન દરમિયાન , શ્રી પવાર મહારાષ્ટ્રના વિકાસ અને સમૃદ્ધિ માટે પ્રતિબદ્ધ રહ્યા.

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે શ્રી પવારના પરિવાર , સમર્થકો અને મહારાષ્ટ્રના લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં તેઓ તેમના દુ:ખદ અને અકાળ અવસાનથી ખૂબ જ દુઃખી હોવાનું કહ્યું હતું.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# PM NCC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના કરિઅપ્પા પરેડ ગ્રાઉન્ડ ખાતે વાર્ષિક **NCC PM** રેલીને સંબોધિત કરશે. આ વર્ષની રેલીની વિષયવસ્તુ રાષ્ટ્ર પ્રથમ - કર્તવ્ય નિષ્ઠ યુવા છે.

એક નિવેદનમાં પ્રધાનમંત્રી કાર્યાલયે જણાવ્યું કે , આ રેલી ભારતના યુવાનોમાં ફરજ, શિસ્ત અને રાષ્ટ્રીય પ્રતિબદ્ધતાની ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

**NCC PM** રેલી એક મહિના સુધી ચાલનારા **NCC** પ્રજાસત્તાક દિવસ શિબિર 2026ના ભવ્ય સમાપન તરીકે ઉજવાશે. તેમાં દેશભરના બે હજાર 406 **NCC** કેડેટ્સભાગ લેશે, જેમાં 898 યુવતીઓનો પણ સમાવેશ થાય છે.

આ રેલીમાં 21 વિદેશી દેશોના 207 યુવાનો અને અધિકારીઓ પણ ભાગ લેશે. આ પ્રસંગે , **NCC** કેડેટ્સ, રાષ્ટ્રીય રંગશાળા અને રાષ્ટ્રીય સેવા યોજનાના સભ્યો દ્વારા રાષ્ટ્ર નિર્માણ , સમાજ સેવા અને ચારિત્ર્ય વિકાસમાં તેમની ભૂમિકા દર્શાવતો જીવંત સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# AIR WATER - AMENDMENTS

કેન્દ્ર સરકારે મંજૂરીઓને સુવ્યવસ્થિત કરવા , વિલંબ ઘટાડવા અને પર્યાવરણીય પાલનને મજબૂત બનાવવા માટે હવા અને પાણી કાયદા હેઠળ સમાન સંમતિ માર્ગદર્શિકામાં સુધારો કર્યો છે.

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે જણાવ્યું હતું કે આ સુધારાનો હેતુ પ્રક્રિયાગત વિલંબ ઘટાડવા અને પર્યાવરણીય શાસનને મજબૂત બનાવવાનો છે. આ સુધારાઓ પર્યાવરણીય સલામતી જાળવી રાખીને ઝડપી , સ્પષ્ટ અને વધુ કાર્યક્ષમ મંજૂરી પ્રક્રિયાઓ સુનિશ્ચિત કરે છે.

વધુમાં, સુધારાઓ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને 5 થી 25 વર્ષના સમયગાળા માટે એક વખતની સંચાલન માટે સંમતિ ફી નિર્ધારિત કરવાની પણ મંજૂરી આપે છે.

. . . . . . . . .

# NDCT AMENDMENTS-NOTIFIED

સરકારે નિયમનકારી બોજ ઘટાડવા અને વ્યવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન આપવા માટે નવા ઔષધ અને તબીબી પરીક્ષણો નિયમો , 2019માં મુખ્ય સુધારાઓને સૂચિત કર્યા છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ સુધારાઓનો ઉદ્દેશ નિયમનકારી પ્રક્રિયાઓને સરળ બનાવવા, મંજૂરીની સમયરેખા ઘટાડવા અને દેશમાં તબીબી સંશોધન અને ઔષધીય વિકાસના ઝડપી સંચાલનને સક્ષમ બનાવવાનો છે.

મંત્રાલય મુજબ , સૂચિત સુધારાઓ દ્વારા , બિન-વાણિજ્યિક ઉત્પાદન માટે પરવાનાની આવશ્યકતાને પૂર્વ-સૂચના પદ્ધતિથી બદલવામાં આવી છે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ સુધારાથી ઔષધ વિકાસ જીવન ચક્રમાં ઓછામાં ઓછા 90 દિવસની બચત થવાની અપેક્ષા છે.

. . . . . . . . . . . . . . . . . . .

# NAIDU-WINGS INDIA

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ કિંજરાપુએ જણાવ્યું , કેન્દ્ર સરકાર દેશમાં ઉત્પાદન માળખું વિકસાવવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આજે હૈદરાબાદમાં વિંગ્સ ઇન્ડિયા 2026નું ઉદ્ઘાટન કરતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે રજૂ કરેલા સુધારાઓએ સામાન્ય લોકોને હવાઈ મુસાફરી કરવા સક્ષમ બનાવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે દેશમાં લગભગ 350 હવાઈમથક બનાવવાનું સરકારનું લક્ષ્ય છે.

વિંગ્સ ઇન્ડિયા 2026 એ એશિયાનો સૌથી મોટો નાગરિક ઉડ્ડયન કાર્યક્રમ છે , જેમાં 20 દેશોના 3 હજારથી વધુ વ્યવસાયિક પ્રતિનિધિઓ ભાગ લેશે. આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો , એર શો , સ્ટેટિક એરક્રાફ્ટ પ્રદર્શન , ઉડાન પ્રદર્શનો, CEO રાઉન્ડ ટેબલ અને ઉડ્ડયન રોજગાર મેળો પણ સામેલ છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# PM SHAH - LALA LAJPAT RAI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પંજાબ કેસરી લાલા લજપત રાયને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

સોશિયલ મીડિયા સંદેશમાં , શ્રી મોદીએ સ્વતંત્રતા સેનાનીને માતૃભૂમિના અમર પુત્ર તરીકે બિરદાવ્યા. પ્રધાનમંત્રીએ કહ્યું કે લાલા લજપત રાયએ ભારતને ગુલામીની સાંકળોથી મુક્ત કરવા માટે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું.

શ્રી મોદીએ એમ પણ કહ્યું કે લાલા લજપત રાયનું બલિદાન દેશની દરેક પેઢી માટે પ્રેરણાનો સ્ત્રોત રહેશે. દરમિયાન , ગૃહમંત્રી અમિત શાહે પણ લાલા લજપત રાયને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

. . . . . . . . . . . . .

# CRICKET T-20

ક્રિકેટમાં, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે વિશાખાપટ્ટનમમાં ચોથી **T-20** આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમાશે. ભારતે પાંચ મેચની શ્રેણીમાં **3-0**થી અજેય સરસાઈ મેળવી લીધી છે.

ઉલ્લેખનીય છે કે , ગુવાહાટીમાં રમાયેલી ત્રીજી ટી- **20** મેચમાં ભારતે ન્યુઝીલેન્ડને આઠ વિકેટે હરાવ્યું હતું.

. . . . .